# <u>KHOJ IN MEDIA</u>



નવરચના યુનિવર્સિટીમાં ખોજ વિન્ટર સ્કૂલ પ્રદર્શન યોજાયું

# વીજળીની આગાહીના ૯૦% સફળ મોડલની વિદ્યાર્થીઓની રજૂઆત

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

નવરચના યુનિવર્સિટીમાં ખોજ વિન્ટર સ્કૂલ પ્રદર્શન યોજાયું હતું. 600થી વધુ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરે હાથ ધરેલા 30 પ્રોજેક્ટ રજૂ થયા હતા. વેસ્ટ મેનેજમેન્ટ, લેબર માઈગ્રેશન, પબ્લિક હેલ્થ, ટ્રાન્સપોર્ટ પ્લાનિંગ, અર્બન ઈકોલોજી, લેન્ડસ્કેપ અને સ્ટ્રીટ લાઈટિંગ જેવા વિષયોનો સમાવેશ કરાયો હતો. ખોજ વિન્ટર સ્કૂલ 2022ના ભાગરૂપે વિદ્યાર્થીઓએ હાથ ધરેલા કેટલાક નોંધપાત્ર પ્રોજેક્ટ્સમાં અનોખા અભ્યાસનો સમાવેશ થાય છે. જેમાં વિદ્યાર્થીઓએ ડો. પલ્લવી પલસાણીના નેતૃત્વ હેઠળ, વીજળીની ઘટનાઓની અપેક્ષા માટે આગાહી મોડેલનો પ્રોટોટાઈપ વિકસાવ્યો હતો. આ મોડેલ 90% ચોકસાઈ સાથે ઘટનાઓની આગાહી કરવામાં સફળ રહ્યું છે. જે આપત્તિ વ્યવસ્થાપન માટે વરદાન સાબિત થઈ શકે છે. બાળકોમાં સ્ક્રીનના વ્યસનના કારણોને સમજવાનો બીજો પ્રોજેક્ટ ડો. રૂપિન ડૂબલે હાથ ધર્યો હતો જેમાં અભ્યાસ કર્યો હતો કે કઈ રીતે માતા-પિતાની વ્યસ્ત જીવનશૈલીને કારણે બાળકોમાં સ્ક્રીનનો સમય વધી રહ્યો છે અને તેની લાંબા ગાળાની અસર. ઉપરાંત અન્ય પ્રોજેક્ટ પણ રજૂ થયા હતા.

# છાત્રો દ્વારા અનુમાનિત મોડેલ તૈયાર કરાયું

# 300 કિમી ત્રિજ્યામાં વીજળીની ઘટનાની માહિતી મળી શકશે

ભાસ્કર ન્યૂઝ | વડોદરા

લાઈટનિંગ ડિટેક્શન સેન્સરની મદદથી વીજળીની આગાહી કરી શકાય તેવું અનુમાનિત મોડેલ તૈયાર કરવામાં આવ્યું છે. આગામી સમયમાં લાઈટનિંગમાંથી રિન્યુએબલ એનર્જી જનરેટ કરવા પર અભ્યાસ પણ શરૂ કરાશે.

વડોદરાની નવરચના યુનિ.ના સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના ફેકલ્ટી ડૉ. પલ્લવી ઘળસાસીના અને તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ લાઈટિંગની ઘટનાઓની આગાહી કરવા માટે અનુમાનિત મોડેલ બનાવ્યું છે. યુનિવર્સિટીએ નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર ઈસરો હૈદરાબાદ સાથે એમઓયુ કર્યું છે. એમઓયુ દ્વારા 98% થી વધુ ચોકસાઈ સાથે 300 કિમી ત્રિજ્યામાં વીજળીની ઘટનાઓ શોધવા માટે યુનિવર્સિટીમાં લાઈટનિંગ ડિટેક્શન સેન્સર સ્થાપિત કરવામાં આવ્યું છે.

ડૉ. પલ્લવીએ જણાવ્યું હતું કે, એનઆરએસસી પાસે ભારતમાં આવા સેન્સરનું વિશાળ નેટવર્ક છે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ એવા સ્થળોને શોધવાનો છે જ્યાં વીજળી પડવાની શક્યતાઓ વધારે છે. અને તેના સંભવિત પરિમાણોનો અભ્યાસ કરી શકાય. ગુજરાતમાં વીજળી પડવાની ઘટનાઓનો ઈતિહાસ છે અને સમગ્ર ગુજરાતમાં વીજળી પડવાની આવી ઘટનાઓના ડેટા, વિદ્યાર્થીઓ સંવેદનશીલ સ્થળો અને સમય સાથે ગુજરાત રાજ્યમાં તેમના સ્થળાંતરનો નકશો બનાવવામાં આવ્યો છે.

વડોદરાની નવરચના યુનિવર્સિટીમાં ખોજ વિન્ટર સ્કૂલ પ્રદર્શનનો આરંભ

# સૂકા અને ભીના કચરાના નિકાલ માટે વિદ્યાર્થીઓ ચિંતિત બન્યા



શિક્ષક એટલે વિદ્યાર્થીઓને ખરા અર્થમાં નાગરિક બનાવવા રાહબર બને તે.

વડોદરાની નવરચના યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના ૬૦૦ વિદ્યાર્થીઓએ ડો. બ્રિજેશ શાહ, ડો. દર્શી બક્ષી, ડો.સ્નેહા જોશીક, ડો. લિપિ બુચ, ડો. મોનિકા શાહ અને ડો. ઋષિત દુબળ જેવા શિક્ષકો ખોજ વિન્ટર સ્કૂલ પ્રદર્શનને સાકાર સ્વરૂપ આપીને રાહબર બન્યા છે.

ખોજ પ્રદર્શનની વિશેષતા એ છે કે વિવિધ વિષયોનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે મળીને સમાજની સમસ્યાઓનું નિરાકરણ લાવવા પ્રતિબધ્ધ બન્યા છે.

આ પ્રદર્શનમાં ડો. બ્રિજેશ શાહ અને તેના વિદ્યાર્થીઓની ટીમે વૈજ્ઞાનિક ઉપકરણોથી બનાવેલી કચરાપેટીમાં ભીનો અને સૂકો કચરાને ઓટોમેટીક છૂટા પાડવાની અને રિસાયકલ કરવાની પ્રોસેસ લોકો સમક્ષ મૂકી ઉત્તમ કાર્ય કર્યું છે. કચરામાંથી ખાતર બનાવીને ઘરની શોભા વધારતા બાગને નવપલ્લવિત કરવા પર પણ વિશેષ ભાર મૂક્યો છે.

એ જ પ્રમાણે સોશિયલ મીડિયાના ઉપયોગથી કનડતા પ્રશ્નો પર પણ ગહન અભ્યાસ કરી તારણ કાઢ્યું છે. જેમાં નાના બાળકોથી લઈને મોટી ઉંમરના લોકો મોડી રાત સુધી મોબાઈલનો ઉપયોગ કરતા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે અભ્યાસ માટે જરૂરી સોશિયલ મીડિયાના ઉપયોગને ઘટાડવા વિદ્યાર્થીઓએ જ શિડ્યુલ એટલે કે ટાઈમટેબલ બનાવી તેનો ચુસ્ત અમલ કરવા નક્કી કર્યું છે. એમના અભ્યાસ પ્રમાણે ત્રણથી ચાર કલાક ટીવી અને યુટ્યુબનો ઉપયોગ લોકો દ્વારા થતો હોય છે.

ડો. ઋષિત દુબળ અને તેમની ટીમે બાળકોને મોબાઈલ એડિક્ટ થતા અટકાવવા માટે સુધારૂ

## બાળકોને મોબાઈલ એડિક્ટ થતું અટકાવવા માટે સર્વે કરી સ્તુત્ય પ્રયાસ કરાયો

અભ્યાસ કરી કેટલાક સૂચનો પણ કર્યાં છે.

આજે દોઢ વર્ષથી લઈને છ વર્ષ સુધીનું બાળક મોબાઈલ જોતું થઈ ગયું છે. ખાસ કરીને જેમના માતા-પિતા નોકરી કરતા હોય તે બાળક મોબાઈલ એડિક્ટ વધારે બનતું હોય છે. ઘરમાં દાદા - દાદી કે નાના-નાની હોય પરંતુ તેઓ દોડી શકતા નહીં હોવાથી બાળકનો મોબાઈલનો ઉપયોગ વધતો જતો હોવાનું પણ નોંધાયું છે. ત્યારે બાળકો મોબાઈલનો ઉપયોગ ઓછો કરે તે માટે... ડિજિટલ વિઝિબિલિટી, મોબાઈલને બ્લેક એન્ડ વાઈટ કરી દેવું, યુટ્યુબ પર ટાઈમર સેટ કરવું, બ્રાઈટનેસ ઘટાડી દેવી, રિઝોલ્યુશન ઘટાડવું સહિતના પગલાં લેવાથી બાળકો મોબાઈલ ઓછું જોતા થશે. પરંતુ મુખ્ય તારણ એ છે કે જો બાળકને મોબાઈલ જોવાના સમયે કોઈ નવરચના કરી શકાય તેવી પ્રવૃત્તિમાં જોડી શકાય તો ઉત્તમ કાર્ય થયું કહેવાશે.

ખોજ પ્રદર્શનને પદ્મશ્રી એચ. એમ. મહેતાએ ખુલ્લું મૂકીને વિદ્યાર્થીઓને કાર્યક્ષમતાને બિરદાવી હતી. પ્રદર્શન માટે ખૂટતી કડી જોડવા યુનિવર્સિટીના શિલ્પા ઠાકરેએ પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

સંવેદનાના ફૂલ
મનીષ જોષી 'મૌન' - મો.૯૯૨૫૬૨૮૪૯૮

આપના શું સૂચન છે? જવાબ... રાહ છે....મને. 'મેઘ વર્ષા' ૧... સમગિરિ સોસાયટી નં.૩, સાં... મંદિર અને બગીચાની પાછળ... વિશ્વામિત્રી કોલેજ, માંજલપુ... વડોદરા ૩૯૦૦૧... મો.૯૯૨૫૬૨૮૪૯૮ કે ઈમે... maun joshi@ gmai... com અથવા maun_66... yahoo.co.in પર જણાવ... શો.!

સંવેદના : પરિવર્તન પ... મનગમતું હોય તો જ સ્વીકૃત બ... છે.

**<u>DRY AND WET WASTE</u>**

**LINK OF KHOJ NEWS IN MEDIA**

1. https://www.instagram.com/p/CngXyF6pkWP/?igshid=NDk5N2NlZjQ=

2. https://gujarati.news18.com/news/madhya-gujarat/vadodara-students-playing-the-role-of-a-bridge-between-government-aid-and-the-needy-vnd-2-local18-1318789.html

3. https://gujarati.news18.com/news/madhya-gujarat/vadodara-parents-adopt-this-technique-to-control-kids-screen-time-vnd-local18-1318149.html

4. https://fb.watch/h_btvzK3W2/